**RCS/ 17/2025**

<u>**રે.દી.મુ.નં.૧૭/૨૦૨૫**</u>

**મોડાસાના મહે. એડી સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમાં,**

**અરવલ્લી @ મોડાસા.**

**વાદીઓ**:–૧. શાન્તાબેન હજુરજી ખાંટ, ઉ.આ.વ: ૭૦
રહે:માધુપુર, તા:મોડાસા, જી.અરવલ્લી

૨. મણીબેન હજુરજી ખાંટ, ઉ.આ.વ: ૬૯

૩. કંકુબેન હજુરજી ખાંટ, ઉ.આ.વ:૬૭

૪. કમળાબેન હજુરજી ખાંટ, ઉ.આ.વ:૬૬
નં. ૨ થી ૪ રહે:ભેરૂન્ડા, તા:મોડાસા, જી.અરવલ્લી

૫. ભીખીબેન હજુરજી ખાંટ, ઉ.આ.વ: ૭૪
રહે:બ્લોક ફેકટરી, સાયરા, તા:મોડાસા, જી.અરવલ્લી.

૬. હીનાબેન હજુરજી ખાંટ, ઉ.આ.વ: ૪૮
રહે:ભેરૂન્ડા, તા:મોડાસા, જી:અરવલ્લી.

૭. કોદરીબેન સોમાજી ખાંટ, ઉ.આ.વ: ૬૦
રહે:વોલ્વા, તા:મોડાસા, જી:અરવલ્લી.

૮. મંજીબેન અમરાજી ખાંટ, ઉ.આ.વ: ૪૮
રહે:કોલવડા, તા:મોડાસા, જી:અરવલ્લી.

૯. ભાવનાબેન અમરાજી ખાંટ, ઉ.આ.વ: ૪૦
રહે:માધુપુર, તા:મોડાસા, જી:અરવલ્લી.

૧૦.સ્વ. અમરાજી કાળાજીની પત્ની શારદાબેન, ઉ.આ.વ: ૭૦

૧૧.લાલાભાઈ હરીજી ખાંટ, ઉ.આ.વ: ૪૧
નં.૧૦ અને ૧૧ રહે:વોલ્વા, તા.મોડાસા, જી:અરવલ્લી.

૧૨.લલીતાબેન હરીજી ખાંટ, ઉ.આ.વ:૪ ૧
રહે:માધુપુર, તા:મોડાસા, જી:અરવલ્લી.
૧૩.સવીતાબેન હરીજી ખાંટ, ઉ.આ.વ:૪૭
રહે:ભેરૂન્ડા, –તા:મોડાસા, જી:અરવલ્લી.
૧૪.દિનેશભાઇ ભલાજી ખાંટ, ઉ.આ.વ:૪૩
૧૫.દિપકભાઇ સોમાજી ખાંટ, ઉ.આ.વ. ૪૩
૧૬.કિશનભાઇ સોમાજી ખાંટ, ઉ.આ.વ: ૩૯
૧૭.ભુરાભાઇ સોમાજી ખાંટ, ઉ.આ.વ: ૩૨
નં.૧૪ થી ૧૭ રહે:વોલ્વા, તા: મોડાસા, જી:અરવલ્લી.

**<u>વિરુધ્ધ</u>**

**પ્રતિવાદીઓ**:

૧. રમેશભાઈ મચ્છાભાઇ ભરવાડ, ઉ.આ.વ:૩૪
રહે.બ્લોક ફેકટરી, તા:મોડાસા, જી:અરવલ્લી
૨. સોમીબેન તે હજુરજી ખાંટની વિધવા ઓરત, ઉ.આ.વ:૬૪
૩. કુલાજી હજુરજી ખાંટ, ઉ.આ.વ.૩૯
નં.૨,૩ રહે:વોલ્વા, તા:મોડાસા, જી:અરવલ્લી
૪. નીરૂબેન હજુરજી ખાંટ, ઉ.આ.વ:૩૬
નં.૪ રહે:ઇટાડી, તા:મોડાસા, જી:અરવલ્લી

**<u>:: આંક:૫ લગત હુકમ ::</u>**

### (૧) વાદીની વચગાળાની અરજીની ટુંકમાં વિગત:–

(૧.૧)વાદીએ દાવામાં સમાવિષ્ટ વિષય વસ્તુ સંબંધે પ્રતિવાદીઓ વિરુધ્ધ ડેકલેરેશન તથા કાયમી મનાઈ હુકમ માટેનો હાલનો દાવો દાખલ કરેલ છે અને દાવાની સાથે હાલની આ અરજી દાખલ કરી પ્રતિવાદીઓ

વિરુધ્ધ કામ ચલાઉ મનાઈ હુકમ ફરમાવવા સબબની દાદ માંગેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

(૧.૨) વાદીની આંક:૫ની કામચલાઉ મનાઈ હુકમની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, સર્વે નં.૧૩૮ની હે.૩–૮૨–૦૮ ચો.મી પૈકી હે.૦–૭૧–૩૪ ચો.મી જમીન બાબતે પ્રતીવાદીઓ નં–૨ થી ૪નાઓએ પ્રતિવાદીનં–૧ ને તા.૦૪/૦૭/૨૦૨૨ના રોજ અનુ.નં–૩૪૧૧ થી રૂ:૪,૫૦,૦૦૦/–નો રજી. વેચાણ દસ્તાવેજ સબ–રજીસ્ટાર મોડાસાની કચેરીએ રજીસ્ટ્રર કરાવી આપી વેચાણ દસ્તાવેજ કરી આપેલ જે વેચાણ દસ્તાવેજની રેવન્યુ રેકર્ડે નોંધ નં–૧૬૭૮ પડતા તા.૧૭/૦૮/૨૦૨૨ના રોજ સર્કલ ઓફીસર ધ્વારા નામંજુર કરવામાં આવતા ત્યારથી તથા પ્રતિવાદી નં.૧ ધ્વારા નોંધનં–૧૬૭૮ નામંજુરના હુકમ વિરુદ્ધ ના.કલેકટરશ્રી મોડાસાની કોર્ટમાં આર.ટી.એસ અપીલ કેસનં–૧૪૩/૨૦૨૨ થી અપીલ કરતા વેચાણની નોંધ પ્રમાણીત કરતો હુકમ તા.૨૮/૦૪/૨૦૨૩ ના રોજ કરતાં નોંધનં–૧૬૭૮ પ્રમાણિત થતાં વાદીઓ ધ્વારા અરવલ્લી કલેકટરશ્રીની કોર્ટમાં આર.ટી.એસ/રીવીજન કેસ નં.૩૬/૨૦૨૩ થી રીવીજન અરજી કરતાં જે તા.૦૭/૧૧/૨૦૨૩ ના રોજ નામંજુર થતાં અગ્રસચીવ મહેસુલ અમદાવાદની કોર્ટમાં હકપ/અરવ/૬૯/૨૦૨૪ થી રીવીજન અરજી દાખલ કરેલ જે પેન્ડીંગ હોઈ ત્યારથી તથા પ્રતિવાદીઓ નં–૨ થી ૪ નાઓએ પ્રતિવાદી નં.૧ ને કરી આપેલ વેચાણ દસ્તાવેજ તદ્દન ખોટો, ગેરકાયદેસરનો તેમજ કાયદાકીય જોગવાઇ વિરૂધ્ધનો હોઈ વેચાણ–દસ્તાવેજ કરાવતી વખતે જમીન સંયુકત ખાતાની મજીયારી આવેલ હોઇ વાદીઓની કોઇપણ જાતની સંમતી લેવામાં આવેલ ન હોઈ તેમજ વેચાણ થયેલ જમીન હૈ.૦–૭૧–૩૪ ચો.મી જમીન પ્રતિવાદીઓ નં.૨ થી ૪ ના ભાગની હોવા અંગે રેવન્યુ રેકર્ડે કોઇ આધાર પુરાવો નથી તેમજ રેવન્યું કોર્ટે આ હકીકત ધ્યાને લીધા સિવાય પ્રતિવાદી નં.૨ પૈસાવાળા તેમજ

લાગવગ વાળા ઈસમ હોઈ વેચાણ થયેલ જમીન ઉત્તર તરફના ભાગની વેચાણ થયેલ હોવાનું કોઈપણ જાતના આધાર પુરાવા વગર વેચાણ દસ્તાવેજમાં પણ આ બાબતનો ઉલ્લેખ ન હોઈ વધુમાં વેચાણ થયેલ હે.૦–૭૧–૩૪ ચો.મી જમીનના પ્રતિવાદીઓ નં.ર થી ૪ ના કાયદેસરના માલીક તેમજ કબજેદારો હોવા બાબતે કોઇ પુરાવો ન હોઈ ત્યારથી તથા આમ આ સંજોગોમાં પ્રતિવાદીઓ નં.ર થી ૪ નાઓએ પ્રતિવાદી નં.૧ ને કરી આપેલ વેચાણ દસ્તાવેજ વાદીઓના હક્ક હિત વિરૂધ્ધનો કાયદા વિરૂધ્ધનો ઉપર જણાવ્યા પ્રમાણે રદબાતલ તેમજ વાદીઓને કબૂલ બંધનકર્તા ન હોઈ તેમજ કાયદેસરના હક્કો નષ્ટ કરનારો વેચાણ દસ્તાવેજ હોઈ તેમજ પ્રતિવાદી નં.૧ વેંચાણ દસ્તાવેજ વિગેરે ના આધારે તેનો ગેરલાભ ઉઠાવવા માંગતા હોઈ ત્યારથી આ મનાઈ અરજી કરવાનું કારણ નામદાર કોર્ટની હકુમતમાં ઉત્પન્ન થયેલ છે.

સબબ અરજ દ્વારા વાદીઓએ નીચે મુજબની દાદ માંગેલ છે.

(એ) મોજે:વોલ્વા, તા.મોડાસા, જી.અરવલ્લીની સીમમાં આવેલ જુના સર્વે નં.૮૩ જેનો નવો સર્વે નં.૧૩૮ ની રૂ.૩–૮ર–૦૮ ચો.મી જમીન પૈકી હૈ.૦–૭૧–૩૪ ચો.મી જમીન બાબતે પ્રતીવાદીઓનં–ર થી ૪ નાઓએ પ્રતિવાદીનં–૧ ને તા.૦૪/૦૭/૨૦૨૨ ના રોજ અનુ.નં–૩૪૧૧ થી રૂ:૪,૫૦,૦૦૦/– નો રજી.વેચાણ દસ્તાવેજ સબ–રજીસ્ટાર મોડાસાની કચેરીએ રજીસ્ટ્રર કરાવી આપી વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે જે વેચાણ દસ્તાવેજ અન્વયે પ્રતિવાદી નં ૧ જમીન અન્ય કોઈને વેચાણ,ગીરો, બક્ષિશ કે તબદીલ કરે કરાવે નહિ અગર તેવું કંઈપણ કૃત્ય કરે કરાવે નહિ તેમજ જમીનમાં પ્રતિવાદી નં ૧ પ્રવેશ કરે કરાવે નહિ, જમીનનો કબજો,ભોગવટો કરે કરાવે નહિ તેમજ વાદીઓના પ્રતિવાદીઓ નં ર થી ૪ ના સયુંકત માલિકી કબ્જા ભોગવટામાં પ્રતિવાદી નં ૧ જાતે કે અન્ય કોઈ મારફતે હેલો,હરકત, અવરોધ, રુકાવટ કરે, કરાવે નહી. તેમજ હેલો, હરકત,અવરોધ,

રુકાવટ થાય તેવું કંઈપણ કૃત્ય કરે કરાવે નહિ તેવો કામ ચલાઉ મનાઈ હુકમ પ્રતિવાદી નં ૧ ને આવવા અરજ કરેલ છે.

**(૨) પ્રતિવાદી નં. ૧નો વાદીઓના દાવા તથા મનાઈ અરજીનો આંક – ૧૩થી લેખિત જવાબ રજૂ કરેલ છે જે નીચે મુજબ છે:–**

(૨.૧) પ્રતિવાદીએ વાદીઓની કામચલાઉ મનાઈ હુકમ મેળવવાની અરજીની તમામ હકિકતોનો ઈનકાર કરેલ છે અને વધુમાં જણાવેલ છે કે, પ્રતિવાદી નંબર– ૧ ખેતી કામકાજ કરી જીવન ગુજારે છે. આ કામના પ્રતિવાદી નંબર–૨, ૩, ૪નાઓની સંયુક્ત માલીકી અને કબજા ભોગવટા અને હકક હિસ્સા વાળી મોજે વોલ્વા, તા–મોડાસાની સીમના નવા સર્વે નંબર–૧૩૮ (જુનો સર્વે નંબર–૮૩)ની કુલ હેકટર ૩–૮૨–૦૮ ચો.મી. વાળી જમીન પૈકી પ્રતિવાદી નંબર–૨,૩,૪ના હકક હીસ્સાની જમીન પૈકી હેકટર–૦–૭૧–૩૪ ચો.મી. વાળી જુની શરતની જમીન પ્રતિવાદી નંબર–૨,૩,૪ નાઓએ પ્રતિવાદી નંબર–૧ પાસેથી ભરીપુરી અવેજ મેળવી રજીસ્ટર વેચાણ દસ્તાવેજ આધારે રજીસ્ટર વેચાણ દસ્તાવેજ નંબર–૩૪૧૧/૨૦૨૨ થી તા–૦૪/૦૭/૨૦૨૨ના રોજ વેચાણ આપેલ જે વેચાણ દસ્તાવેજ મોડાસા સબ રજીસ્ટાર કચેરી ખાતે નોધવામાં આવેલ અને પ્રતિવાદી નંબર–૨,૩,૪નાઓએ ઉપરોકત બતાવેલ સર્વે નંબર પૈકી તેમના હકક હીસ્સા હીત વાળી જમીન વેચાણ દસ્તાવેજથી પ્રતિવાદી નંબર–૧ને વેચાણ આપતા તે અંગેની ગામ દફતરે તા–૦૪/૦૭/૨૨ ના રોજ નોધ નંબર–૧૬૭૮ની પડેલ જે નોંધ સર્કલ ઓફીસર શ્રી મોડાસા ગ્રામ્યનાઓએ તા–૧૭/૦૮/૨૨ના રોજ ના–મંજુર કરતા તે હુકમ થી નારાજ થઈ પ્રતિવાદી નંબર– ૧નાઓએ નાયબ કલેકટર સાહેબ સમક્ષ વિવાદ અરજી નંબર– આર.ટી.એસ અપીલ નંબર–૧૪૩/૨૦૨૨થી કરતા નાયબ કલેકટર સાહેબ મોડાસાનાઓએ

તારીખ ૨૮/૦૪/૨૦૨૩ના રોજ હુકમ ફરમાવી ગામ દફતરે પડેલ નોધ નંબર- ૧૬૭૮ તારીખ ૦૪/૦૭/૨૦૨૨ની મંજુર કરતો હુકમ ફરમાવેલ છે.

મોજે વોલ્વા તા-મોડાસાની સીમના સર્વે નંબર-૧૩૮ (જુનો સર્વે નંબર-૮૩)ની જમીન મુળથી જુની શરતની આવેલી અને ભાઈઓ ભાગની વહેચણી થતા આ સર્વે નંબર-૧૩૮ (જુનો સર્વે નંબર-૮૩) પૈકી હેકટર ૦-૭૧-૩૪ વાળી જમીન આ કામના પ્રતિવાદી નંબર-૨,૩,૪ ના હકક હીસ્સામાં આવેલ હોઈ તેમજ સ્થળે પણ ભાગ મુજબ ખેતી કરી ઉપજ મેળવતા હોઈ આ કામના પ્રતિવાદી નંબર-૨, ૩, ૪નાઓએ તેમના હકક હીસ્સા હીત વાળી જમીન પ્રતિવાદી નંબર-૧ ને વેચાણ રાખવાનુ જણાવતા જરૂરી કિંમત નકકી કરી ભરીપુરી અવેજ આપી આ કામના પ્રતિવાદી નંબર-૨,૩,૪ ના ઓ એ સબ રજીસ્ટાર સમક્ષ રૂબરૂ હાજર રહી પ્રતિવાદી નંબર-૧ ની તરફેણમાં રજીસ્ટર વેચાણ દસ્તાવેજ કરી આપેલ અને વેચાણ અંગે ની ગામ દફતરે નોંધ નંબર-૧૬૭૮ તારીખ-૦૪/૦૭/૨૦૨૨ ના રોજ પડતા અને તે નોંધ સર્કલ ઓફીસર શ્રી નાઓએ ના મંજુર કરતા તેઓએ મોડાસા ના મે. નાયબ કલેકટર સાહેબની કોર્ટમાં આર.ટી.એસ અપીલ નંબર-૧૪૩/૨૦૨૨ ની કરેલ જે કામે પણ હાલ ના વાદીઓને પક્ષકાર તરીકે દાખલ કરવા માટે અરજી રજુ કરતા આ કામના વાદીઓને જરૂરી પક્ષકાર તરીકે નોટીસ કાઢવામાં આવેલ અને વાદીઓને તથા પ્રતિવાદી નંબર-૨, ૩ ૪ નાઓને નાયબ કલેકટર સાહેબની કચેરી મારફત નોટીસની બજવણી કરવામાં આવેલ અને ત્યારબાદ નાયબ કલેકટર સાહેબનાઓએ તારીખ ૨૮/૦૪/૨૦૨૩ ના રોજ હુકમ ફરમાવી અમો પ્રતિવાદી નંબર- ૧નાઓએ કરેલ વિવાદ અરજી મંજુર કરતો હુકમ ફરમાવેલ જે હુકમ યોગ્ય અને ન્યાયીક હોવા છતા આ કામ ના વાદીઓએ બદ ઈરાદો ધરાવી અરવલ્લી જીલ્લા ના કલેકટર સાહેબ સમક્ષ આર.ટી.એસ / રીવીઝન/ કેસ નંબર- ૩૬/૨૦૨૩ ની દાખલ કરેલ જે રીવીઝન અરજ નંબર-

૩૬/૨૦૨૩ અરવલ્લી જીલ્લા ના કે. કલેકટર સાહેબે તારીખ – ૦૭/૧૧/૨૦૨૩ ના રોજ હુકમ કરી ના–મંજુર કરેલ છે. પ્રતિવાદી નંબર–૧નાઓ વેચાણ રાખેલ મિલ્કત પ્રતિવાદી નંબર– ૧ ના નામે રેવન્યુ દફતરે ચાલે છે.

આ કામ ના વાદીઓએ ખોટા કારણો દર્શાવી હાલનો દાવો દાખલ કરેલ છે. પ્રતિવાદી નંબર– ૧ મોજે સાયરા, તા–મોડાસાના પેટાપરા બ્લોક ફેકટરી ખાતે રહે છે અને તેમની બ્લોક ફેકટરીને અડીને મોજે વોલ્વા, તા–મોડાસાની સીમ ચાલુ થતી હોઈ તેમજ આ કામના પ્રતિવાદી નંબર–૨,૩,૪નાઓને તેઓ ઓળખતા હોઈ તેમજ સ્થળ ઉપર તેઓ તેમના ભાગની જમીન ઉપર વાવેતર કરી ઉપજ મેળવતા હોવાનુ પણ તેમની જાણમાં હોઈ તે મુજબ પ્ર.વિવાદી નંબર–૧ નાઓએ આ કામના પ્રતિવાદી નંબર–૨,૩,૪ ની જરૂરીયાત તેમજ માંગણી ને ધ્યાને રાખી ભરીપુરી અવેજ આપી પ્રતિવાદી નંબર– ૨,૩,૪ ની જુની શરતની જમીન વેચાણ રાખેલ છે. પ્રતિવાદી નંબર– ૧નાએ ખેતી ઉપયોગી જમીન/ મીલ્કત વેચાણ રાખી તે મુજબ સ્થળે કબજો ભોગવટો પણ પ્રાપ્ત કરેલ છે તેમજ હાલમાં પણ પ્ર.વાદી નંબર– ૧ નાએ વેચાણ રાખેલ જમીન પ્ર.વાદી નંબર– ૧ ના કબજા ભોગવટામાં આવેલ છે. આ કામના વાદીઓએ બદઈરાદો ધરાવતા હોઈ તેઓ એ બદઈરાદો ધરાવી પ્ર.વાદી નંબર– ૨, ૩, ૪ ના ઓ ને લોભ લાલચ આપી તેઓની સાથે કરી તદન ખોટી હકીકત જણાવી હાલ નો ખોટો દાવો તથા ખોટી મનાઈ અરજી કરેલ છે .

વાદી ઓ ના દાવા તથા મનાઈ અરજીની વિગતે બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીઓના લાભમાં નથી તેમજ તેમનો કેસ પ્રાઈમાફેસી નથી. પ્રતિવાદીએ ભરીપુરી અવેજ આપી રજીસ્ટર વેચાણ દસ્તાવેજ આધારે પ્ર.વાદી નંબર– ૨, ૩ ૪ પાસે થી તેમના હક હિસ્સા ની જમીન વેચાણ રાખી કબજો ભોગવટો સંભાળેલ છે જેથી બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પ્રતિવાદી નંબર–૧ના લાભમાં છે અને જો વાદીનો દાવો તથા મનાઈ અરજી મંજુર કરવામાં આવે તો પ્રતિવાદી નંબર– ૧

નાઓને નાણાથી ભરપાઈ થઈ ન શકે તે પ્રકારનુ નુકશાન થાય તેમ છે જેથી વાદીઓનો દાવો તથા મનાઈ અરજી ખર્ચ સહિત રદ કરવા હુકમ કરવા અરજ કરેલ છે.

**(૩) વાદીઓના દાવા તથા મનાઈ અરજીનો પ્રતિવાદી નં. ૨ અને ૩નાઓએ આંક–૧૪થી લેખિત જવાબ રજૂ કરેલ છે જે નીચે મુજબ છે:–**

(૩.૧)દાવાવાળી જમીનમાં તેઓ તથા વાદીઓ સંયુકત માલિક કબજેદાર છે. દાવાવાળી જમીન વાદીઓ તથા તેમની વણ વેચાયેલી સંયુકત જમીન હોય સમગ્ર જમીનમાં કોઇ ભાગલા કે વિભાજન થયેલ નથી. તેમજ વાદીઓ તથા તેમના રહેવાના મકાનો પણ આવેલા છે.

દાવાવાળી જમીન વડીલોના સમયથી સંયુકત માલિકી કબજાની આવેલ છે. પ્રતિવાદી નંબર ૧એ વેચાણ દસ્તાવેજની પુરી સમજ તેમ જ સ્થળ ઉપરની ચોખવટ કર્યા સિવાય વેચાણ દસ્તાવેજ લખાવી કરાવી લીધેલ. જેની જાણ અને સમજ તેઓને પછી પડેલ અને વેચાણ દસ્તાવેજના આધારે જમીન પૈકી ૭૧ ગુંઠા જમીન પ્રતિવાદી નંબર ૨ સ્થળ સ્થિતી વિરુધ્ધ માલિક બનવા ખોટો પ્રયાસ કરેલ છે.

આજે પણ દસ્તાવેજ વાળી જમીનનો કબજો ભોગવટો તેમની પાસે છે. અને વાદીઓ તથા તેઓ સ્થળ ઉપર સંયુકત કબજો ભોગવટો ધરાવે છે.

તથા વાદીઓએ કરેલ દાવાને સમર્થન રજૂ કરેલ છે.

(૪) ત્યારબાદ **વાદી નં. ૬ હીનાબેન હજુરજી ખાંટનાઓ** દ્વારા આંક–૧૭થી કાઉન્ટર એફીડેવીટ રજૂ કરવામાં આવેલ છે.

જેમાં પ્રતિવાદી નં–૧ દ્વારા રજૂ કરેલ દાવા તથા મનાઇ અરજીનો જવાબ અને બચાવ તથા હકિકતોનો ઇનકાર કરેલ છે. તથા તેઓને કબુલ મંજુર ન હોવાનું જણાવેલ છે.

આમ, ઉપરોકત વાદી નં. ૬ દ્વારા આંક–૧૭થી રજૂ કરવામાં આવેલ કાઉન્ટર એફીડેવીટની તમામ હકીકતોને ન્યાયિક નિર્ણય કરતી વખતે ધ્યાને લેવામાં આવેલ છે.

(૫) ત્યારબાદ આંક–૨૦ દ્વારા વાદી તરફે તેઓના વિ.વ.શ્રી દ્વારા લેખિત દલીલો રજૂ કરવામાં આવેલ છે. તથા નામદાર હિમાચલપ્રદેશ હાઇકોર્ટ, ૨૦૧૩(૨)સી.સી.સી. ૮૯ (એચ.પી), નંદલાલ વિરુધ્ધ સંજયકુમારના જજમેન્ટ રજૂ કરેલ છે અને ઇબ્રાહીમ શાહ વિરુધ્ધ નૂર અહેમદ, ગુજરાત રિપોર્ટર, VOL.XXIV(2) રજૂ કરેલ છે. જે ન્યાયિક નિર્ણય કરતી વખતે ધ્યાને લીધેલ છે.

તથા આંક–૨૧ દ્વારા પ્રતિવાદી નંબર ૧નાઓ તરફે તેઓના વિ.વ.શ્રીનાઓ દ્વારા ધારદાર દલીલો રજૂ કરવામાં આવેલ છે

ત્યારબાદ આંક–૨૩થી પ્રતિવાદીઓ નંબર ૨ અને ૩ તરફે લેખિત દલીલો રજૂ કરવામાં આવેલ છે. જે તમામ હકીકતોને ન્યાયિક નિર્ણય કરતી વખતે ધ્યાને લેવામાં આવેલ છે. તથા નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**:: મુદ્દા ::**

(૧) શું વાદીનો પ્રથમદર્શનીય કેસ છે?
(૨) શું સગવડની સમતુલા વાદીની તરફેણમાં છે?
(૩) શું વાદીને નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન જવાનો સંભવ છે?
(૪) શું હુકમ?

**ઉપરોકત મુદ્દાઓના કોર્ટના નિર્ણયો નીચે મુજબ છે.**

(૧) નકારમાં..

(૨) નકારમાં..
(૩) નકારમાં..
(૪) આખરી હુકમ મુજબ.

(૬) **<u>અવલોકન તથા નિર્ણય:</u>**–

આ કામે મુદ્દા નં. ૧ થી ૩ પરસ્પર સંકળાયેલા હોય તેથી તેઓની ચર્ચા સંયુકત રીતે કરવામા આવેલ છે.

આ કામે વચગાળાની મનાઈ હુકમની અરજીની બાબતો ધ્યાને લઈએ તો આ અરજી મંજુર કરવી કે નામંજુર કરવી તે કોર્ટના વિવેકઅધિકાર પર છે અને આ અરજીની નીર્ણીત કરતી વખતે વાદીનો પ્રાયમાફેસી કેસ હોવો જોઈએ તે મહત્વનુ છે. સાથેસાથે આ કામે કાયદાની જોગવાઈઓ ધ્યાને લઈએ તો તે નીચે મુજબ છે.

સી.પી.સી.ઓર્ડર ૩૯ રૂલ (૧) (૨) અને કલમ–૧૫૧ ની જોગવાઈઓ નીચે મુજબ છે.

**<u>સી.પી.સી.ઓર્ડર ૩૯ રૂલ (૧) (૨)</u>**

The original Rule 1 of Order 39 enables the Court to grant a temporary injunction in the cases specified in Clauses (a) and (b). Rule 2 of Order 39 enables the Court to grant a temporary injunction to restrain the defendant from committing the breach of a contract or other injury of any kind.

***<u>કલમ–૧૫૧</u>***

This section **deals with the saving of inherent powers of Court.** It states that nothing in this Code shall be deemed to limit or otherwise affect the inherent

power of the Court to make such orders as may be necessary for the ends of justice or to prevent abuse of the process of the Court.

આમ, ઉપરોકત મુજબની હકીકત વાદીની તરફેણમા હોય તો તેઓને કોર્ટના વિવેકઅધિકારનો લાભ મળી શકે તેવુ મારુ માનવુ થાય છે.

આ કામે આ કેસની હકીકત અન્વયે જોઈએ તો વાદીપક્ષ ધ્વારા જે પોતાની વચગાળાની અરજીમા કરવામા આવેલ છે તે વાદીના મુળ દાવા અરજી ધ્યાને લેવામા આવે તો કેન્સલેશન ઓફ રજીસ્ટર સેલડીડ તથા ડેકલેરેશન તેમજ કાયમી મનાઈ હુકમ અંગેનો દાવો દાખલ કરી આ વચગાળાની દાદ મેળવતી અરજી કરવામા આવેલ છે.

**(૬.૧)** આ કામે વચગાળાની અરજી, વાંધા જવાબ તેમજ રજુ દસ્તાવેજો અને દલીલો ધ્યાને લેવામા આવેલ છે. સાથેસાથે સ્થાપિત સિધ્ધાંતોને ધ્યાને લેતા વાદીપક્ષે પોતાનો કેસ પ્રથમ દર્શનીય રીતે, નાંણામા માપી ન શકાય તે મુજબનો છે અને સમતુલા પોતાના તરફેણમા હોય તે સાબીત કરવી જોઈએ.

**(૬.૨)** આ કામે જયારે વાદી પોતાનો પક્ષ લઈને આવ્યા હોય ત્યારે તેઓના પ્રાયમાફેસી કેસ કઈ રીતે છે તે સાબીત કરવુ જોઈએ. તેવી જ રીતે બેલેન્સ ઓફ કન્વીનીયન્સ અને ઈરીપેરેબલ લોશ પણ પ્રસ્થાપિત કરવા જોઈએ. જો પ્રાયમાફેસી કેસ હોય અને બેલેન્સ ઓફ કન્વીનીયન્સ અને ઈરીપેરેબલ લોશ વાદીપક્ષે ન હોય તો પણ આ વચગાળાની દાદ ન મળી શકે. આ સિધ્ધાંતો ધ્યાને લઈ નામ.સુપ્રીમ કોર્ટ ધ્વારા તેમના વિવિધ ઠરાવોમા ઠરાવવામા આવેલ છે કે જયારે સ્પેશીફીક રીલીફ એકટ અન્વયે આ દાદ માગવામા આવતી

હોય ત્યારે તે સબંધેનુ વર્ણન ચોકકસ અને સ્પષ્ટ રીતે વર્ણવુ જોઈએ. તે સિધ્ધાંત ધ્યાને લેવામાં આવે તો વચગાળાની મનાઈ હુકમ અરજી ધ્યાને લેવામાં આવે તો તેઓના તેમની અરજીમાં તેઓનો પ્રાઈમાફેસી કેસ કઈ રીતે છે તેવુ સ્પષ્ટપણે વર્ણવેલ છે તેવી જ રીતે આ વચવાળાની અરજીના પેરા ૬ માં માત્ર તેઓએ જણાવે છે કે માગ્યા મુજબની દાદ મંજૂર કરવામાં ન આવે તો વાદીના હકને ભારે અને પારાવાર નુકશાન થાય એમ છે જેનો બદલો નાણાકીય રીતે કે અન્ય રીતે વળી શકે તેમ નથી તેવુ જણાવેલ છે, પરંતુ વાદી પક્ષનો આ પ્રાઈમાફેસી કેસ કઈ રીતે છે, પારાવાર નુકશાન કઈ રીતે જાય એમ છે અને નાણા કે અન્ય રીતે વળી શકે તેમ નથી તેવી કોઈ હકિકત તેઓની વચગાળાની અરજીમાં સ્પષ્ટપણે વર્ણવેલી નથી. જે ધ્યાને લીધેલ છે.

(૬.૩) વધુમાં, આ કામે જોઈએ તો સ્પેશીફીક રીલીફ એકટની જોગવાઈ ૩૪ અન્વચે જોઈએ તો વાદીઓને મિલકતમાં હકક છે કે કેમ અને તેઓનું ટાઈટલ છે કે કેમ તે ધ્યાને લેવુ જોઈએ. આ અન્વચે સ્પેશીફીક રીલીફ એકટ કલમ ૩૪ ધ્યાને લઈએ તો જે નીચે મુજબ છે.

**સ્પેસિફિક રિલીફ એક્ટ, ૧૯૬૩ (Specific Relief Act, 1963) ની કલમ ૩૪**

સ્થિતિ અથવા હકના ઘોષણાત્મક દાવો સાથે સંબંધિત છે. આ કલમ મુજબ, જો કોઈ વ્યક્તિ કાયદાકીય સ્થિતિ કે મિલકતના હકનો ઈનકાર કરનાર વ્યક્તિ સામે દાવો કરે, તો કોર્ટ આ હકને મંજૂર કરતી ઘોષણા કરી શકે છે, જો કે વાદી વધુ રાહત ન માગી શકે.

**<u>કલમ ૩૪ – સ્થિતિ અથવા હકના ઘોષણા (Declaration) અંગેનો દાવો</u>**

1. **ઘોષણાત્મક દાવો:** કોઈપણ વ્યક્તિ, જે કાયદાકીય સ્થિતિ અથવા મિલકતના કોઈપણ હક માટે હકદાર હોય, તે એવી વ્યક્તિ વિરુદ્ધ દાવો દાખલ કરી શકે છે જે આવી સ્થિતિ કે હકનો ઈનકાર કરે છે (અથવા ઈનકાર કરવામાં રસ ધરાવે છે).
2. **કોર્ટની વિવેકબુદ્ધિ (Discretion):** કોર્ટ આવી ઘોષણા કરી શકે છે કે વાદી તે હક માટે હકદાર છે.
3. **વધુ રાહત વગર:** વાદીએ આ દાવામાં કોઈ વધુ રાહત માંગવાની જરૂર નથી.
4. **પરંતુ (Proviso):** જો કોઈ વાદી માત્ર ઘોષણા ઉપરાંત પણ વધુ રાહત માંગી શકે તેમ હોય અને તેમ ન કરે, તો કોર્ટ આવી ઘોષણા કરશે નહીં.

**સ્પષ્ટીકરણ:** મિલકતનો ટ્રસ્ટી એવી વ્યક્તિના હકને નકારવામાં રસ ધરાવતી વ્યક્તિ ગણાય છે, જે અત્યારે અસ્તિત્વમાં નથી પરંતુ ભવિષ્યમાં અસ્તિત્વમાં આવી શકે છે.

જે વ્યક્તિના મિલકતના હક પર પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો હોય, તે વ્યક્તિ કોર્ટમાં કલમ ૩૪ હેઠળ દાવો કરીને પોતાના હક પર "ઘોષણાત્મક હુકમનામું" મેળવી શકે છે.

(૬.૪) આ કામે મુદ્દા નં ૧ થી ૩ પરસ્પર સંકળાયેલા હોય તેથી તેની સંયુકત પણે ચર્ચા કરવામાં આવેલ છે. આ કામે વાદીની મુળ દાવા અરજી ધ્યાને લેવામાં આવે તો ડીકલેરેશન તથા આદેશાત્મક હુકમ તથા કાયમી મનાઈ હુકમ મેળવવા માટે દાવો કરવામાં આવેલ છે તે અન્વયે આ સી.પી.સી. ઓર્ડર ૩૯ રૂલ ૧ , ૨ તથા સીપીસી કલમ ૧૫૧ સાથે વાચતા દાવો ચાલતા અન્વયે વચગાળાનો હુકમ મેળવવા સારુ અરજી કરેલ છે. અને પોતાની મુળ દાવા અરજી ધ્યાને લઈએ તો તે દાવા અરજી સાથે દસ્તાવેજી પુરાવા લીસ્ટથી માર્ક–૪/૧થી માર્ક–૪/૬ એમ કુલ–૦૬ દસ્તાવેજો રજૂ રાખેલ

છે તેમજ આંક–૧૭થી કાઉન્ટર એફીડેવીટ રજૂ કરેલ છે તથા પોતાની આ અરજીના સમર્થનમાં આક–૨૦થી લેખિતમાં દલીલો રજૂ કરેલ છે જે વચગાળાની અરજીના સમર્થનમાં છે. જેથી તેનુ પુનરાવર્તન ટાળેલ છે. અને આ દલીલ વંચાણે લીધેલ છે.

(૬.૫) આ કામે પ્રતિવાદી નં ૧ ધ્વારા આંક–૧૩થી પોતાના લેખિતમાં વાંધા જવાબ રજૂ કરેલ છે અને વાદીની હકિકતોનું ખંડન કરેલ છે. અને સાથે આંક–૧૫થી માર્ક ૧૫/૧થી માર્ક ૧૫/૧૦ સુધી દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલ છે. તે ધ્યાને લીધેલ છે. તેવી જ રીતે આંક–૨૧થી પોતાની લેખિત દલીલ રજૂ કરેલ છે. જે ન્યાયીક નિર્ણય કરતી વખતે ધ્યાને લીધેલ છે.

(૬.૬) આ કામે આંક–૧૪થી પ્રતિવાદી નં. ૨ અને ૩નાઓએ પોતાનો લેખિત જવાબ રજૂ કરેલ છે. જેમાં વાદીઓએ કરેલ દાવાનું અને વચવાળાની મનાઈ અરજીની હકિકતોનું સમર્થન કરેલ છે. અને આંક–૨૩થી પોતાની લેખિત દલીલો કરેલ હોય જે ન્યાયિક નિર્ણય કરતી વખતે ધ્યાને લીધેલ છે.

(૬.૭) આ કામે વાદીપક્ષની વચગાળાની આ અરજી ધ્યાને લેવામાં આવે તો તેમણે વચગાળાની અરજીમાં આંક–૫ નો પેરા ૧૨(એ)માં જોવામાં આવે તો,

**મોજે:વોલ્વા, તા.મોડાસા, જી.અરવલ્લીની સીમમાં આવેલ જુના સર્વે નં.૮૩ જેનો નવો સર્વે નં.૧૩૮ ની રૂ.૩–૮૨–૦૮ ચો.મી જમીન પૈકી હૈ.૦–૭૧–૩૪ ચો.મી જમીન બાબતે પ્રતીવાદીઓનં–૨ થી ૪ નાઓએ પ્રતિવાદીનં–૧ ને તા.૦૪/૦૭/૨૦૨૨ ના રોજ અનુ.નં–૩૪૧૧ થી રૂ:૪,૫૦,૦૦૦/– નો રજી.વેચાણ દસ્તાવેજ સબ–રજીસ્ટાર મોડાસાની કચેરીએ રજીસ્ટ્રર કરાવી આપી વેચાણ**

**દસ્તાવેજ કરી આપેલ છે જે વેચાણ દસ્તાવેજ અન્વયે પ્રતિવાદી નં ૧ જમીન અન્ય કોઈને વેચાણ,ગીરો, બક્ષિશ કે તબદીલ કરે કરાવે નહિ અગર તેવું કંઈપણ કૃત્ય કરે કરાવે નહિ તેમજ જમીનમાં પ્રતિવાદી નં ૧ પ્રવેશ કરે કરાવે નહિ, જમીનનો કબજો,ભોગવટો કરે કરાવે નહિ તેમજ વાદીઓના પ્રતિવાદીઓ નં ૨ થી ૪ ના સયુંકત માલિકી કબ્જા ભોગવટામાં પ્રતિવાદી નં ૧ જાતે કે અન્ય કોઈ મારફતે હેલો,હરકત, અવરોધ, રુકાવટ કરે, કરાવે નહી. તેમજ હેલો, હરકત,અવરોધ, રુકાવટ થાય તેવું કંઈપણ કૃત્ય કરે કરાવે નહિ તેવો કામ ચલાઉ મનાઈ હુકમ પ્રતિવાદી નં ૧ ને આવવા અરજ કરેલ છે.**

વાદી પક્ષે ઉપરોકત વચગાળાની દાદ ધ્યાને લેવામાં આવે તો તેઓ જણાવે છે કે, પ્રતિવાદી નં–૧ વાદવાળી જમીન અન્ય કોઇને વેચાણ, ગીરો, બક્ષિશ કે તબદીલ કરે કરાવે નહી. તેમજ વાદીઓના પ્રતિવાદીઓ નં.ર થી ૪ના સંયુકત માલિકી કબ્જા ભોગવટામાં પ્રતિવાદી નં ૧ જાતે કે અન્ય કોઇ મારફતે હેલો, હરકત, અવરોધ, રુકાવટ કરે, કરાવે નહી, પરંતુ અહી રજૂ કરેલ દસ્તાવેજ જોવામાં આવે તો આંક–૧૫ થી માર્ક ૧૫/૧ થી આ કામના પ્રતિવાદી નંબર–૨,૩ તથા ૪નાઓએ પ્રતિવાદી નંબર ૧ની તરફેણમાં કરી આપેલ રજીસ્ટર વેચાણ દસ્તાવેજ નંબર–૩૪૧૧/૨૦૨૨ તા.૦૪/૦૭/૨૦૨૨ની ખરી નકલ રજૂ કરેલ છે. જેમાં પ્રતિવાદી નં. ૨,૩,૪નાઓએ ઉપરોકત બતાવેલ સર્વે નંબર પૈકી તેમના હકક હીસ્સા હિત વાળી જમીન વેચાણ દસ્તાવેજથી પ્રતિવાદી નં–૧ને વેચાણ આપતા તે અંગેની ગામ દફતરે તા. ૦૪/૦૭/૨૨ના ઓજ નોંધ નંબર–૧૬૭૮ની પડેલ છે. જે નોંધ સર્કલ ઓફીસર શ્રી મોડાસા ગ્રામ્યનાઓએ તા. ૧૭/૦૮/૨૨ના રોજ ના–મંજુર કરેલ છે. ત્યારબાદ પ્રતિવાદી નં ૧નાઓએ નાયબ કલેકટર સાહેબ સમક્ષ વિવાદ અરજી નંબર આર.ટી.એસ. અપીલ નંબર–૧૪૩/૨૦૨૨થી કરતા નાયબ કલેકટર સાહેબ મોડાસાનાઓએ તા.૨૮/૦૪/૨૦૨૩ના રોજ હુકમ ફરમાવી ગામ દફતરે પડેલ નોંધ

નંબર–૧૬૭૮ તા. ૦૪/૦૭/૨૦૨૨ની મંજુર કરતો હુકમ ફરમાવેલ છે. જે નિશાની ૧૫/૯ થી રજૂ કરેલ છે. જેમાં પ્રતિવાદી તરફે કે જેઓ હાલના આ કામના પ્રતિવાદી નં. ૨,૩, અને ૪ છે તેઓની નિશાની– ૧૫/૮ થી લેખિત દલીલો રજૂ કરેલ છે જે ધ્યાને લીધેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે નોંધ નં ૧૭૬૮ મંજૂર કરવામાં આવે તો અમોને કોઇ વાંધા સરખુ નથી. ત્યારબાદ આ કામના વાદીઓએ અરવલ્લીના મહે. કલેકટર સાહેબની કોર્ટમાં આર.ટી.એસ/રીવીઝન/કેસ નંબર–૩૬/૨૦૨૩ રીવીઝન અરજી કરેલ છે જે નિશાની–૧૫/૧૦થી રજૂ કરવામાં આવેલ છે જે ધ્યાને લીધેલ છે જે રીવીઝન અરજી પણ નામંજૂર કરવામાં આવેલ છે. જેમાં મિલકત તબદીલી અધિનિયમ ૧૯૮૨ની કલમ–૪૪ની જોગવાઇઓ મુજબ પણ સંયુકત સ્થાવર મિલકતમાનો સંયુકત માલિકો પૈકી કોઈપણ સહમાલિક તેના શેર પુરતો મિલકતમાનો હિસ્સો કોઈપણ રીતે ટ્રાન્સફર કરી શકે છે.

અહી આ કામે નિશાની ૩/૨૪થી રજૂ દસ્તાવેજ જોવામાં આવે તો મોજે ગામ વોલ્વા, તા. મોડાસાની ખેતીની સીમના બ્લોક/સર્વે નંબર ૧૩૮, જેનો ખાતા નંબર ૨૭૩ની કુલ હે. ૩–૮૨–૦૮ આરે આકાર રૂ.૬.૪૦ પૈસાની જમીન પૈકી લખી આપનારના ભાગ/હિસ્સાની ઉત્તર તરફની હે.૦–૭૧–૩૪ આરે. જમીનનો રજી. વેચાણ દસ્તાવેજ રૂા. ૪,૫૦,૦૦૦–૦૦ અંકે રૂપિયા ચાર લાખ પચાસ હજાર પુરાનો થયેલ છે. જે ધ્યાને લીધેલ છે. આમ, આ અન્વયે જોઇએ તો પુરાવાકીય હકિકતો હોય ત્યારે આ વચગાળાની અરજી મંજૂર કરી ન શકાય તેવુ મારુ માનવુ થાય છે. આમ, સમગ્ર હકિકત ધ્યાને લેવામાં આવે તો, આ કામે પ્રાઇમાફેસી કેસ હોવાનુ મારુ માનવુ થાય છે. તેથી મુદા નંબર ૧નો જવાબ નકારમાં આપવામાં આવેલ છે.

(૬.૮)જયારે મુદા નંબર ૨ અન્વયે જોઇએ તો શું સગવડની સમતુલા વાદીની તરફેણમાં છે? તે સંબંધે વાદી પક્ષની આ વચગાળાની અરજી મનાઈહુકમ સંબંધની ધ્યાને લેવામાં આવે તો કોઈ ચોકકસ અવેરમેન્ટ જણાઈ આવતા નથી ત્યારે પણ આ વચવાળાની અરજી મંજૂર થવા પાત્ર જણાઈ આવતી નથી.

(૬.૦૯)જયારે મુદા નંબર ૩ અન્વયે જોઇએ તો શું વાદીને નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન જવાનો સંભવ છે? તે સંબંધે વાદી પક્ષની આ વચગાળાની અરજી મનાઈહુકમ સંબંધની ધ્યાને લેવામાં આવે તો કોઈ ચોકકસ અવેરમેન્ટ જણાઈ આવતા નથી ત્યારે પણ આ વચવાળાની અરજી મંજૂર થવા પાત્ર જણાઈ આવતી નથી.

(૬.૧૦)વધુમાં આ કામે વાદીનો પ્રાઈમાફેસી કેસ જણાઈ આવતો ન હોય ત્યારે પણ સગવડતા અગવડતાનો ધોરણ તેમજ નાણામાં ન માપી શકાય તેવુ નુકશાનની ચર્ચા અસ્થાને છે. આમ, મુદ્દા નં ૧થી ૩નો જવાબ નકારમાં આપવામાં આવે છે. જયારે મુદૃા નંબર ૪નો જવાબ આખરી હુકમ મુજબ આપવામાં આવે છે.

**<u>//આખરી હુકમ //</u>**

**:૧:** વાદીની આ આંક ૫ની સી.પી.સી. ઓર્ડર ૩૯ રૂલ ૧,૨ તથા સીપીસી કલમ ૧૫૧ સાથે વાચતા દાવો ચાલતા અન્વયે વચગાળાનો હુકમ મેળવવા સારુ કરેલ અરજી આથી નામંજૂર કરવામાં આવે છે.

**:૨:** આ વચગાળાની અરજીનો ખર્ચ દાવાના આખરી હુકમને અનુસરસે.

હુકમ આજરોજ તારીખ:**૧૮મી,** માહે:**એપ્રિલ,** સને:**૨૦૨૬**ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી અને તેમાં મારી સહી કરી જાહેર કર્યો.

તા. ૧૮/૦૪/૨૦૨૬
સ્થળ:મોડાસા

**(પી.ડી.જેઠવા)**
એડી.સિનિ. સિવિલ જજ, મોડાસા.
**(કોડ નં.જીજે.૦૦૯૦૧)**

S.J.RATHOD (PA)